## 89 હસ્તીઓને પદ્મ પુરસ્કાર

# આ વખતે બૉલિવૂડ પદ્મહીન

### ત્રણ વર્ષથી 3-3 હીરો-હિરોઇનને મળી રહ્યા હતા પદ્મ એવૉર્ડ, પરંપરા તૂટી, સિંગર તરીકે કૈલાશ ખૈર, પૌડવાલને પદ્મશ્રી

## સાત હસ્તીઓને પદ્મવિભૂષણ જેમાં ચાર નેતા, શરદ પવારના નામે બધાને ચોંકાવ્યા

### વિરાટ કોહલી, સાક્ષી અને દીપાને પણ પદ્મશ્રી

એજન્સી | નવી દિલ્હી

મુરલી મનોહર જોશી, શરદ પવાર અને સ્વ. પી. એ. સંગ્મા જેવા રાજકીય દિગ્ગજો, ક્રિકેટર વિરાટ કોહલી અને સંગીતકાર-ગાયક યેસુદાસ સહિત 89 હસ્તીઓ આ વર્ષના પદ્મ પુરસ્કારોથી સન્માનિત થઇ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ વખતે બોલિવૂડની મોટી હસ્તીઓ પદ્મહીન રહી છે. વર્ષોથી હીરો-હિરોઇનોને મળતા પદ્મએવોર્ડની પરંપરા તૂટી છે. સિંગર તરીકે કૈલાશ ખૈર અને અનુરાધા પૌડવાલને પદ્મશ્રીથી નવાજાશે.

સાત હસ્તીઓને પદ્મવિભૂષણ માટે પસંદ કરાયા છે તેમાંથી ચાર તો નેતા જ છે અને શરદ પવારના નામે બધાને ચોંકાવ્યા છે. ગુજરાતમાંથી સૌથી વધુ 7 હસ્તીઓ પદ્મ પુરસ્કાર માટે પસંદ થઇ છે. એનઆરઆઈ ડૉ. દેવેન્દ્ર ડાયાભાઇ પટેલને સામેલ કરો તો ગુજરાતના ખાતામાં આઠ પદ્મ એવોર્ડ આવ્યા છે.

...અનુસંધાન પાના નં. 12

### ગેનાભાઈ સહિત 6 ગુજરાતીઓને પદ્મશ્રી


ગેનાભાઈ (કૃષિ)


પુરુષોત્તમ ઉપાધ્યાય (સંગીત)


ડો. દેવેન્દ્ર પટેલ (મેડિસિન)


વી. જી. પટેલ (સાહિત્ય-શિક્ષા)


ડો. સુબ્રતો દાસ (મેડિસિન)


વિષ્ણુ પંડ્યા (સાહિત્ય)

### ...અને મહારાજ સા.ને પદ્મભૂષણ

આચાર્ય રત્ન સુંદર સૂરિશ્વરજી મહારાજે 300થી વધુ ગુજરાતી પુસ્તકો લખ્યા છે.


રત્નસુંદર સૂરિશ્વરજી (અધ્યાત્મ)

ઈન્ટરવ્યૂ માટે વાંચો divyabhaskar.com

### સાહિત્ય-શિક્ષણ ક્ષેત્રમાં 20 પદ્મ

| | | | |
|---|---|---|---|
| સાહિત્ય-શિક્ષા | 20 | સાયન્સ-એન્જિ. | 5 |
| કલા-સંગીત | 16 | રાજકારણ | 4 |
| મેડિસિન | 9 | સિવિલ સર્વિસ | 3 |
| સામાજિક કાર્ય | 9 | પેઈન્ટિંગ | 2 |
| સ્પોર્ટ્સ | 8 | ---------- | |

### યેસુદાસ સહિત 7ને પદ્મવિભૂષણ

પદ્મ વિભૂષણથી સન્માનિત 7 હસ્તીઓમાં યેસુદાસ, સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ, શરદ પવાર, મુરલી મનોહર જોશી, સ્વ. પી. એ. સંગ્મા, સ્વ. સુંદરલાલ પટવા અને પ્રો.ઉડ્ડીપી રામચંદ્ર રાવનો સમાવેશ થાય છે.

## ગોળીયાના દિવ્યાંગ ખેડૂતને પદ્મશ્રી એવોર્ડ

### દાડમની ખેતી થકી અત્યાર સુધીમાં 17 એવોર્ડ

લાખણી | બનાસકાંઠા જિલ્લાના લાખણીના સરકારી ગોળીયા ગામે રહેતા દિવ્યાંગ ખેડૂતે દાડમની ખેતી થકી સમગ્ર દેશમાં ખ્યાતી પ્રાપ્ત કરી છે. અત્યાર સુધીમાં કૃષિના વિવિધ એવોર્ડ મેળવનાર ગેનાજીને હવે કેન્દ્ર સરકાર દ્વારા પદમશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. જેઓ બનાસકાંઠા જિલ્લામાં આ એવોર્ડ મેળવનારા સૌ પ્રથમ ખેડૂત બન્યા છે.

લાખણીના સરકારી ગોળીયા ગામના દિવ્યાંગ પ્રગતિશીલ ખેડૂત ગેનાભાઈ પટેલે દાડમથી બાગયતી ખેતીમાં કાઠુ કાઢ્યું છે. આખી જિંદગી ઘરમાં બેસીને રોટલા ખાવા કરતાં વર્ષો સુધી લાભ મળે તેવી ખેતી કરવાની ઝંખના સાથે તેઓ દેશના

...અનુસંધાન પાના નં. 12